વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૧૭ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : સપ્ટેમ્બર ૬, ૨૦૨૦

# હવે લીલો દુષ્કાળ !?

## આવેદનપત્ર

**સુપ્રત : ૧) મંત્રી શ્રી કૃષિ અને સહકાર મંત્રાલય,**
**૨) સચિવ શ્રી કૃષિ અને સહકાર,**
**૩) નિયામક શ્રી ખેતી**

**વિષયઃ સતત વરસાદની પરિસ્થિતિના કારણે ખેતીમાં થયેલ નુકશાનીનું વળતર આપવા બાબત.**

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ ('સેવા')એ ગરીબ, શ્રમજીવી, અસંગઠિતક્ષેત્રના ૧૭૩૪૧૯૫ કામદારોનું રાષ્ટ્રીય સંઘ સંગઠન છે. 'સેવા'એ ગુજરાતના ૧૪ જિલ્લાઓમાં ૩૭૦૬૨૭ નાના અને સીમાંત ખેડૂતો તેમજ ખેતકામદારોને સંગઠિત કર્યા છે.

તાજેતરના સતત વરસાદના લીધે નાના અને સીમાંત ખેડૂતોને ખેતીમાં ખૂબ નુકશાન થયું છે. આ વરસાદે કપાસ, શાકભાજી, મરચાં, દિવેલા, સોયાબીન, જુવાર, બાજરી, ડાંગર જેવા ખરીફ પાક અને ઊભા પાકને ૪૦%થી ૫૦% જેટલું નુકશાન થયું છે. સતત વરસાદના લીધે ખેતરોમાં પાણી ભરાઈ જવાથી આ પાક અડધા જેટલાં ખલાસ થઈ ગયાં છે.

આ વર્ષે કોવિડ-૧૯ની મહામારીનો પણ સામનો આ ગરીબ-શ્રમજીવી નાના-સિમાંત ખેડૂતોએ કર્યો છે. આ મહામારીના લીધે વાવેતર સમયસર નહોતું થઈ શક્યું તેમજ જે તૈયાર શાકભાજી-પાક વાહનવ્યહાર બંધ હોવાથી તેને વેચી નથી શક્યાં અથવા મુખ્ય બજાર સુધી નહીં પહોંચાડી શકવાને લીધે સાવ નાંખી દેવાના ભાવે શાકભાજી કે તૈયાર પાક વેચવો પડ્યો છે. આમ દેવાદાર બની ગયેલા છે. અધૂરામાં પૂરું આખા સપ્ટેમ્બર મહિનામાં પણ આવો વરસાદ રહેશે એવી હવામાન ખાતા દ્વારા 'લા નીનો'ની આગાહી કરેલી છે.

આ સાથે 'સેવા'એ ગુજરાતનાં ૯ જિલ્લાઓમાં નાના અને સીમાંત ખેડૂતોને સતત વરસાદથી પાકને થયેલાં નુકશાનનો એક તાત્કાલિક સર્વે કર્યો છે. (જેની વિગતો આ સાથે બીડી છે) જેના પરથી જોવા મળે છે કે, ખરીફ પાક કપાસ, દિવેલા, શાકભાજી અને ઘાસચારામાં આ શ્રમિકોને ૪૦%થી ૫૦% જેટલું નુકશાન થયું છે. તેમને તાત્કાલિક આ નુકશાન માટે સહાયની જરૂર છે.

વધુમાં જણાવવાનું કે, ગુજરાતમાં ભાગીયા ખેતીનું ચલણ મોટા પ્રમાણમાં છે અને સરકાર જ્યારે ખેતીમાં નુકશાન થાય, તેની સહાય સરકાર જાહેર કરે છે ત્યારે આનો લાભ ફક્ત ખેડૂતને જ મળે છે અને 'ભાગીયા' જે ખરેખર શ્રમજીવી, ગરીબ ખેડૂત હોય છે, જેને આવી સહાયની ખાસ જરૂર હોય છે તે તો આમાંથી બહાર જ રહી જાય છે માટે સરકાર જ્યારે નુકશાનની સહાય આપે ત્યારે આ સહાયમાં ભાગે ખેતી કરનારા ભાગીયા ખેડૂતનો સમાવેશ કરવામાં આવે તે જરૂરી છે. વધુમાં જણાવવાનું કે, ખેતી સાથે સંકળાયેલા પશુઓમાં પણ સતત વરસાદના લીધે રોગચાળો ફેલાય તેવી પરિસ્થિતિ છે. આવી સતત કુદરતી આફતો જેમ કે, વાવાઝોડું, પૂર અને સતત વરસાદનો સામનો આ શ્રમજીવીઓ કરી શકે તે માટે તેમના માટે 'લાઈવલીહૂડ' ફંડ ઊભું કરવાની તાતી જરૂર છે.

**ઉપરની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અમારી નીચે મુજબની માંગો છે.**

૧. આ વર્ષે ખરીફ-૨૦૨૦ માટે ગુજરાત સરકારશ્રી તરફથી કરવામાં આવેલ જાહેરાતના અનુસંધાને ખેડૂતને પ્રીમિયમ ભર્યા વગર જે નુકશાનીનું વળતર મળવા પાત્ર થાય તેની તાકીદે સર્વે કરીને ગોઠવણ કરવામાં આવે. તેમજ આફત નિવારણના યોજનાના ભાગરૂપે આપવામાં આવતી સહાય તાત્કાલિક ધોરણે ચૂકવવામાં આવે.

૨. આ સહાયમાં ભાગે ખેતી કરવા ખેડૂત અને ખેતમજૂરનો પણ સમાવેશ કરવામાં આવે.

૩. લાંબાગાળા માટે ખાસ, જળવાયુ પરિવર્તનના સંદર્ભે ખેતી અને ખેતીને સલંગ્ન ધંધા માટે લાઈવલી હૂડ રીકવરી ફંડ ઊભું કરવામાં આવે.

૪. તેમજ ખાસ કૃષિ યુનિવર્સિટી અને ખેતી નિષ્ણાંતો મારફતે પાકની ફેરબદલી કરવી કે અન્ય ટકાઉ પગલાં અપનાવવા તે અંગેની ચર્ચા અને વિસ્તરણ પદ્ધતિ ગોઠવવામાં આવે.

૫. આવા પ્રકારની અચાનક હવામાનમાં જે ફેરફાર થાય છે. જેની તીવ્રતા વધતી જાય છે. તે અંગે ગ્રામસ્તરે સચોટ અને ત્વરિત ત્વરિતે હવામાનની આગાહી મળી શકે તેવા હવામાન મથકો ઊભા કરવા જરૂરી છે.

૬. ચોમાસાની સિઝનમાં ગામોમાં પશુ નિદાન કેમ્પ અને રસીકરણના કાર્યક્રમ થાય તેવી ગોઠવણ થવી જોઈએ.

જ્યોતિ મેકવાન
પ્રધાનમંત્રી, 'સેવા'

બિડાણ : ૯ જીલ્લામાં ખેતી પાકોમાં થયેલા નુકશાનના સર્વેની વિગતો

## સતત વરસાદની પરિસ્થિતિમાં ખેતી નુકશાનનો આંકડાકીય રિપોર્ટ-૨૦૨૦

| ક્રમ | જિલ્લો | તાલુકા | ગામ | ખેડૂતની સંખ્યા | અંદાજિત જમીનવિસ્તાર (એકર) | મુખ્ય પાકની વિગત મુખ્ય પાકો - (કિ.ગ્રા.) | નુકસાનની ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | છોટાઉદેપુર | ૩ | ૧૯ | ૫૧૯ | ૪૧૫ | કપાસ, શાકભાજી | ૪૪ |
| ૨. | કચ્છ | ૩ | ૧૩ | ૧૦૨૫ | ૭૬૪૩ | કપાસ, મગફળી અને દિવેલા | ૪૫ |
| ૩. | અરવલ્લી | ૩ | ૨૧ | ૨૯૬ | ૨૫૧ | દિવેલા, મરચી, સોયાબીન અને જુવાર | ૧૫થી ૨૦ |
| ૪. | મહેસાણા | ૫ | ૨૫ | ૧૯૭૧ | ૧૭૬૯ | કપાસ, દિવેલા, મગ, તલ બાજરી અને શાકભાજી | ૪૫ |
| ૫. | સુરેન્દ્રનગર | ૪ | ૭ | ૨૨૭ | ૭૩૫ | દેશી કપાસ, તલ અને મગફળી | ૪૦ |
| ૬. | ગાંધીનગર | ૪ | ૬ | ૨૪૦ | ૧૧ | કપાસ અને શાકભાજી | ૫૦ |
| ૭. | અમદાવાદ | ૪ | ૫૦ | ૧૬૨૭ | | કપાસ, ડાંગર અને શાકભાજી | ૪૫ |
| ૮. | આણંદ | ૭ | ૧૨૧ | ૬૬૪૭ | ૧૬૬૧૭ | બાજરી અને ડાંગર | |
| ૯. | પાટણ | ૩ | ૨૪ | ૭૬૦૦ | | કપાસ | ૪૦ |
| | **કુલ** | **૩૬** | | **૨૦૧૫૨** | **૨૭૪૪૧** | | |

કોરોના મહામારીમાં હવે લીલો દુકાળ? આ કોરોનાની મહામારી ઓછી હતી તે આ પણ વિપદા આવી! ‘‘આ તો એવું થયું કે, દુકાળમાં અધિક માસ...’’

હાલમાં ચોમાસું પૂર બહારમાં ચાલી રહ્યું છે. વરસી રહેલું પાણી ભૂગર્ભ જળને ઊંચા લાવવામાં મદદરૂપ છે. ‘પાણી છે તો જીવન’ છે. આ ચોમાસે ક્યાંક સોનું વરસાવ્યું અને ક્યાંક વરસાદનું પાણી ખેતરોમાં ભરાયું. પાણી ખેતીના પાકને નવજીવન આપે છે પરંતુ, જરૂર કરતાં વધુ વરસાદનું એકી સમયે અને ઉપરાઉપરી પડવાથી ખેતીમાં નુકશાન રૂપ છે. ખેડૂત હંમેશા મોલને બચાવવા તત્પર હોય છે. અને તેથી જ તો માફકસર અને પ્રમાણસરનું પાણી આપવા માટે નીકો બનાવે છે. પરંતુ જ્યારે ખેતરમાં પાણી ભરાઈ રહે ત્યારે આ પાણી કાઢવાના ઉપાયો પણ કરે છે. છતાંય વધુ પડતું પાણી પાક ઝીલી શકતું નથી.

મહેસાણા જિલ્લામાં ૨૧ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ દરમ્યાન વરસાદના આવ્યો આ દરમ્યાન કડી ૧૧થી ૧૨ ઇંચ, મહેસાણા, જોટાણા અને બેચરાજીમાં ૯ ઇંચ વરસાદ પડ્યો. આથી આ વિસ્તારના ૧૯૭૭ ખેડૂતોને ૧૭૬૯ વિઘામાં કપાસ, એરંડા, બાજરી, તલ, મગ, જુવાર તથા શાકભાજીમાં,ગુવાર, ભીંડા, કારેલા, દૂધી, મરચાં વગેરેમાં ૩૦થી ૮૦ ટકાનું સરેરાશ નુકશાન જણાવ્યું છે.

વડુ ગામમાં વીજળી પડવાથી ખેતરમાં ૯ ભેંસો મરી ગઈ. બેચરાજી તાલુકાના સાંતેજ ગામમાં બે ભેંસો વીજળી પડવાથી મરી ગઈ. ‘આ વરસાદ હવે ખમૈયા કરે તો સારું એમ ખેડૂત પોકારે છે!’ ‘કુદરત આગળ સૌ લાચાર.’ આમ તો ઘરડા કે’તા કે મઘા નક્ષત્રનું વરસાદી પાણી મોંઘુ સોના જેવું કહેવાય. અત્યારે મઘા જ ચાલે છે, એથી હવે પોરો ખાય અને ઉઘાડ કાઢે તો સોનું કહેવાય.’

કડીમાં કાળીશેરીમાં ‘સેવા’ સંગઠનના સભ્ય જરીનાબેનના ભાઈનું ઘર પડી જવાથી દબાઈ ગયા હતા. તેથી ત્યાં ભત્રીજાનું અવસાન થયું અને ભત્રીજીની તબિયત વધુ બગડતા અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે તેની હાલત ગંભીર છે. કડી-મહોલ્લામાં પણ દીવાલ પડી. સમયસર ખસી જતા કોઈને ઈજા નથી થઈ. મહેસાણા તાલુકાના હરદેસણ ગામમાં મહાદેવભાઈના ઘરની દીવાલ, ટૂંડાલી ગામમાં સુરેશભાઈ, ગીતાબેન અને દિનેશભાઈ દંતાણીના ઘરની દીવાલ તેમજ દેઉસણા ગામમાં મહેમુદ ખાન પઠાણ અને કરશનભાઈના મકાનની દીવાલ, પાલાવાસણા ગામમાં મકાનની દીવાલ વરસાદના કારણે તૂટી પડી તેથી તેની લેખિતમાં ગ્રામ પંચાયતને જાણ કરી.

મહેસાણાના કડી તાલુકાનાં કાસવા ગામના સજનબેન પોતાની ૩ વિઘા અને ભાગવી ૧૨ વિઘા જમીનમાં વાવેતર કરે છે. તેઓ કહે છે કે, અમે સિઝન પ્રમાણે કપાસ, એરંડા અને ડાંગર ખેતી કરીએ છીએ. આ વર્ષે મારા ૩ વિઘામાં એરંડા વાવ્યા હતા. ઓણનું વર્ષ સારું જશે એવી આશા હતી. પણ, ભાદરવો બેસતા જે ૩ દિવસ વરસાદ પડ્યો કે મારા કુટુંબની આર્થિક આવક પર અસર પડી છે. ૩ વિઘાની ખેતીમાં ખાતર અને બિયારણ માટે ૧૦૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલો. જો આ વર્ષ સારું હોત તો મારું ઉત્પાદન ૭૦થી ૮૦ મણ પાક થાત. એટલે ૫૦થી ૬૦ હજાર જેટલી આવક થાત.

કડી તાલુકાનું વિસતપુરા ગામના ખેત મજૂર શિલ્પાબેનને પોતાની ૨ વિઘા જમીન છે, જેમાંથી ૧ વિઘામાં કપાસ ઉગાડ્યો છે. તેઓ કહે છે કે, જૂન મહિનામાં કપાસનું વાવેતર કરેલું. શરૂઆતમાં ૪ ખેડ કરેલી, તેનો ખર્ચ ૧૨૦૦ રૂપિયા થયો, પછી આંતર

ખેડના ૯૦૦ રૂપિયા એમ કુલ ૨૧૦૦ રૂપિયા ખેડનો ખર્ચ થયો, બિયારણ ખર્ચ ૭૩૦ રૂપિયા. એમાં ડી.એ.પી.ના ૬૫૦ રૂપિયા, મજુરી ખર્ચ, કપાસ રોપવાના અને નિંદામણના ૧૦૦૦ રૂપિયા અને વરસાદ નહોતો ત્યારે ૪ વખત પાણી આપેલું તેના ૧૬૦૦ રૂપિયા ખર્ચ, યુરિયા, ગંધકના ૩૫૦ ખર્ચ થયેલો. આ વરસાદના કારણે ખેડૂતોએ જે ખાતર અને બિયારણનો ખર્ચ કરેલો તે પણ માથે પડ્યો છે. વ્યાજે અને ઉછીના પૈસા લાવીને ખેતી કરેલી તે પણ નકામી ગઈ.

મહેસાણા જિલ્લામાં વધુ વરસાદને કારણે કપાસના પાકને ૫૦થી ૯૦ ટકા નુકશાન થયેલું છે. વધુ પડતા વરસાદને લીધે પાકમાં જીવાંત આવશે, તેની સાર-સંભાળનો ખર્ચ વધી જશે. હવે જો વરસાદ પડશે તો ખેડૂતોની પરિસ્થિતિ કફોડી થશે.

‘કુદરત આગળ જગતનો તાત પણ લાચાર બન્યો છે’ સિઝન સારી રહી હોત તો ૩૫થી ૪૦ મણ કપાસનું ઉત્પાદન થાત પણ, આ સિઝન તો ફેલ ગઈ. જો કપાસનો ભાવ ૯૦૦ હોત તો ૩૧૦૦૦ની આવક થાત પણ હવે તો ખર્ચ પણ માથે પડ્યો.

‘ખેડૂત તનતોડ મહેનત કરે પણ તે ભૂખ્યો ને ભૂખ્યો તે સાચી વાત છે.’

હજુ પણ વરસાદ આવશે તો મારા જેવા બીજા ઘણા ખેડૂતોના ખેતરમાં વરસાદના પાણી ભરાઈ ગયા છે તેમની પણ આ સિઝન ફેલ જશે.

મહેસાણા જિલ્લાના વિરમપુરા ગામના કમળાબેનને ૩ વિઘા જમીન છે. તેઓ કહે, હું સેવા સાથે છેલ્લા ૧૦ વર્ષથી જોડાયેલી છું. સેવામાંથી ખેતીને લગતી ઘણી તાલીમો લીધી છે. હું સિઝન પ્રમાણે ઘઉં, બાજરી, કપાસ, ઘાસચારો જેવા પાક ઉગાડું છું. ચોમાસાની સિઝનમાં અડધા વિઘા જમીનમાં શાકભાજીમાં ચોળી અને રીંગણ વાવ્યા છે. આ વખતે ૨૧થી ૨૩ ઓગસ્ટે જે વરસાદ

આવ્યો તેનાથી ઘણું નુકશાન થયું છે. શાકભાજીના વાવેતર માટે ધરુ, પાણી અને ખાતરના ખર્ચના ૭૫૦૦થી ૮૦૦૦ થયેલો તે પણ માથે પડ્યો. જો વરસાદ ઓછો આવ્યો હોત તો હાલ રીંગણનો અને ચોળીનો સારો ભાવ મળ્યો હોત. પણ બધું નકામું ગયું.

છોટાઉદેપુરમાં આ વરસાદથી ખેતીમાં ફાયદો છે અને ખેડ ખાતર કરવાનો મોકો મળ્યો જેથી ખેડૂતો ખુશહાલ છે પરંતુ ખેતરોમાં વધુ પાણી ભરાઈ જવાથી ક્યાંક નુકશાન પણ જોવા મળ્યું છે.

હું બોડેલી તાલુકાના કુકણા ગામની રહેવાસી. નામ જ્યોતિકા રાઠવા, હું ખેડૂ છું. મારી પોતાની જમીનમાં ખેતી કરું છું. આ વર્ષે એક એકર જમીનમાં જી-૪ જાતની મરચી વાવી. આ મરચીના રોપની કિંમત દોઢ રૂપિયા પ્રમાણે કુલ ૬ હજાર રૂપિયા ખર્ચીન ૪૦૦૦ રોપનું વાવેતર કર્યું. વધારે વરસાદને કારણે જમીન ધોવાતા મૂળ આવી ગયા. પાન ખરી પડ્યા, લાગેલા મરચા પણ બગડી ગયા. જો આ વરસાદ પ્રમાણસર હોત તો એક વીણીએ મને ૬થી ૮ મણ મરચાં આવવાની શક્યતા હતી. ૨૦ કિલો મરચાંનો ભાવ ૧૧૦૦ રૂપિયા લેખે ૬૬૦૦ રૂપિયાનું ઉત્પાદન વેચાણનું નુકશાન વેઠવાનો વારો આવ્યો. હવે મરચાંના છોડને ફરી તૈયાર કરવા માટે ૨થી ૩ હજાર રૂપિયાનો ખર્ચ થયો. વળી, કોકડવાટ માટે લીમડાનું તેલ, ખાતર વગેરેનો ૨૧૦૦ રૂપિયાનો ખર્ચ થયો, એટલે ઉત્પાદન કરતાં ખર્ચ વધી ગયો. ફરીથી મરચાં ઉગાવાને એક મહિના જેટલો સમય લાગશે. પણ, વાતાવરણ સારું રહે અને જ્યારે છોડ તૈયાર થાય ત્યારે...

નખત્રાણા તાલુકામાં મોટી વિરાણી અને સુખપર ગામમાં છેલ્લા પંદર-વીસ દિવસથી નિયમિત ઓછો-વધુ વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ખેત-પેદાશોને જોઈએ તેવો ઉઘાડ ન મળવાથી અને સતત વરસાદનું પાણી મળવા છતાં પેદાશ પાંગરતી નથી. સતત વરસાદ વરસતો હોવાથી દવાનો છંટકાવ પણ થઈ શકતો નથી અને વરસાદને કારણે લીલા દુષ્કાળનો ખતરો ઝઝૂમી રહ્યો છે. સતત વરસાદને કારણે ખરીફ પાક પર ફૂગનું પ્રમાણ વધ્યું છે. તો પણ દવાનો છંટકાવ થઈ શકતો હતો. પહેલા વરસાદથી હરખાઈ ગયેલા આપણા ખેડૂત સભ્યોને ચિંતા થવા લાગી છે. આખા વર્ષની સિઝન નિષ્ફળ જશે. ને તેમનો ખર્ચ પણ માથે પડશે અને દેવામાં ડૂબી જશે તેવું લાગી રહ્યું છે. મગ અને તલની ખેતી પણ નિષ્ફળ ગઈ, ને વધારે પડતા વરસાદને કારણે કપાસ અને દિવેલાને પણ નુકશાન થવાનો ડર લાગી રહ્યો છે. ને આકાશી વીજળી પડતાં પશુઓને જાનહાની થઈ છે. મોરૂ ગામના સભ્યો ગોરબાઈ લાલજીભાઈ મહેશ્વરી અને સારાબાઈ મુસાના બે ઊંટ મરણ પામ્યા છે. ઊંટલારીનો ધંધો બંધ થવાથી તેમની રોજગારી રઝળી ગઈ.

વરસાદના કારણે 'સેવા' કોમ્યુનિટી લર્નિંગ સેન્ટર ખાતે ત્રણ પગથિયાં સુધી પાણી ભરાઈ ગયા હતા, સેન્ટરમાં વીજળી પણ જતી રહી, જેથી કોમ્પ્યુટર બંધ પડી ગયા. પાંચ ઇંચ વરસાદ પડવાથી ઘણા ગામોના રસ્તા તૂટી ગયા ને આવવા- જવામાં તકલીફો પડી અને નદી-નાળા ને વોકડામાં પાણી આવી જતા અને ડેમ છલકાઈ જતાં ગામમાં પાણી ભરાઈ ગયાં અને ખાડા પણ પડી ગયાં.

અબડાસા તાલુકામાં પણ અનરાધાર વરસાદથી વરસાદ આધારિત ખેતી કરનારાં કુટુંબોને ઘણું નુકશાન થયું છે. આ કારણે દેવામાં ડૂબવાનો વારો આવ્યો છે. ગામના રોડ-રસ્તા તૂટી ગયા છે. અબડાસા તાલુકામાં નેરા, વીજાણ, જખો, વાંકુ, ડુમરા, કોઠારાના ગામોમાં લોકોનું સ્થળાંતર કરવું પડે તેવા સંજોગો ઊભા થયા હતા અને મઘરાવાડનો ડેમ તૂટ્યો.

લાલાપર અને જમેધી ગામમાં પણ તળાવ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે અને ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા છે. મીઠી ડેમ ભરાઈ જતા રામપર, જખો ગામમાં તળાવ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. તેવી જ રીતે લખપત તાલુકામાં ગોધલા ડેમ ઊભરાઈ જતાં સોનલનગર, કાતયા ગામોમાં તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે. ખેતરોનું જમીન ધોવાણ થઈ ગયું અને પાન્ધ્રો ડેમ છલકાતા પાણી વર્માનગર અને એકતાનગરના ગામોમાં પાણી સભ્યોના ઘરમાં ભરાઈ ગયા જેથી ગામમાં નદી જેવું દૃશ્ય સર્જાયું. માતાનાં મઢમાં ને ગામના ખેતરોમાં પાણી ઘુસી ગયા છે. ખેતર વચ્ચે નદી જતી હોય એવા પાણી વહી જતાં મગફળી, મગ અને તલના પાકને નુકશન થયેલ છે. જમીનનું ધોવાણ થયેલ છે. લખપત તાલુકામાં ડેમો, તળાવ અને 'સેવા' પાણી ઝુંબેશ દ્વારા સભ્યોએ તૈયાર કરેલ ઘરઆંગણે વરસાદી પાણી સંગ્રહના ભૂગર્ભ ટાંકા પણ છલોછલ ભરાઈ ગયા છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ૭૫૦ ખેડૂ કુટુંબે દેશી કપાસનું વાવેતર કર્યુ હતું. વરસાદને લઈને ખેતરોમાં પાણી ભરાઈ જતાં વાવેતર નિષ્ફળ ગયું છે. પરિણામે બિયારણ ખર્ચ માથે પડ્યો. પરંતુ મોટા મનના ખેડૂ બહેનો કહે છે, 'ભગવાન શિયાળામાં મબલખ પાક દેશે.' પાણી છે તો જીવન છે. ખેતર ભરાશે તો શિયાળામાં ચણા થશે એટલે સરભર થઈ જશે.

સુરેલ ગામમાં છેલ્લા પંદર દિવસથી મોટર બંધ થઈ હોવાથી ભૂગર્ભ જળના વરસાદી પાણીના ટાંકાઓ ભરાયા હતા તેનો ઉપયોગ ગામ લોકોએ કર્યો.

સંગઠન દ્વારા વધુ વરસાદની આગાહી અને પાણીના આવરણને ધ્યાનમાં રાખીને પૂરની પરિસ્થિતિ આવે તો ગામના પશુઓને છુટા ના મૂકે તેના માટે જાણકારી આપી. જેથી પશુઓની જાનહાની અટકાવી શકાય. સાથે-સાથે પશુના વિમા અંગે માહિતગાર કર્યા.

**- સંકલન ગ્રામવિકાસ**

❑

# પૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન શ્રી પ્રણબ મુખરજીનું નિધન



માનનીય પૂર્વ રાષ્ટ્રતિ શ્રી પ્રણબ મુખરજીના દુ:ખદ અવસાનથી સમગ્ર દેશ શોકાતુર થયો છે. તેમના પિતાશ્રી પશ્ચિમ બંગાળના અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની હતા, એટલે દેશપ્રેમ તેમના લોહીમાં જ હતો. કલકત્તા યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સ સાથે ગ્રેજ્યુએશન સાથે લો ગ્રેજ્યુએશનની પદવી પણ તેમણે મેળવી હતી. યુવાન ઉંમરે (તેત્રીસ વર્ષની) રાજ્યસભાના સાંસદ બન્યા બાદ પાંચ વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા તથા બે વખત લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ દેશની અનેક જવાબદારીઓ - કેન્દ્રીય રક્ષામંત્રી, કેન્દ્રીય નાણાંમંત્રી સ્વીકારી હતી અને તેમાં બહુમૂલ્ય ફાળો આપ્યો હતો. આ ઉપરાંત પૂર્વ રાષ્ટ્રપતિ તરીકે પણ ફરજ બજાવી હતી તથા તેઓ ભારતરત્નથી સન્માનિત થયા હતા.

સ્વભાવે સાલસ, સેવાભાવી તથા પરોપકારી હોવા સાથે રાજકારણમાં શ્રેષ્ઠ પાર્લામેન્ટેરીયન, સન્માનીય મુત્સદ્દી, સંકટ મોચક તથા વ્યૂહરચનાના નિષ્ણાંત તરીકે હંમેશાં ઓળખાયા હતા.

'સેવા' સંગઠનના કામ સાથે શ્રી પ્રણબદાને શરૂઆતથી લગાવ તથા આદર હતો. અનેક વખત 'સેવાની' બહેનોના વિકાસ અને સંઘર્ષ વિષે સમજતા અને જરૂરી સલાહ પણ આપતા તથા જરૂરી મદદ કરવા માટે સતત પ્રયત્ન પણ કરતા.

ઈલાબેન ભટ્ટ માટે તેમને માન હતું અને મહિલાઓના વિકાસ માટે તેમની સલાહ સૂચન પણ લેતા હતા.

જયારે 'સેવા સંગઠન' તથા 'સેવા બેંક' અસંગઠિત વર્ગની બહેનો માટે 'પેન્શન'ની સેવા મળે તે માટે પ્રયત્નો કરી રહ્યા હતા, ત્યારે બહેનો માટે ખાસ 'પેન્શન યોજના' અમલમાં મુકવામાં આવે તે માટે તેમણે ખૂબ પ્રયત્નો કર્યા હતા.

દેશ અને 'સેવા'એ એક સિદ્ધાંતવાદી, માર્ગદર્શક તથા સન્માનીય મુત્સદ્દી ગુમાવ્યા છે.

પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થના.

**- જયશ્રી વ્યાસ**
**મેનેજીંગ ડિરેક્ટર**
**સેવા બેંક**

❑

# સેવા બુકબજાર

દરિયાગંજ સન્ડે બુક બજાર કે પછી જ્ઞાનનું બજાર કહો કે જ્ઞાનગંજ આ એક એવું બજાર છે જયાં જ્ઞાનનો ભંડાર છે. અસીમિત ચોપડીઓનો ખજાનો.

જૂની દિલ્હીસ્થિત દરિયાગંજ પુસ્તક બજાર અથવા સહાજાનાબાદ તરીકે તે શહેરની સ્થાપનાકાળથી જ ઓળખાય છે. તેનાં વિશે ઘણી કથાઓ પ્રચલિત છે. કહેવાય છે કે, મુઘલ સામ્રાજ્યના કાળથી અત્યાર સુધી આ બજાર સ્થાનિક સ્વરૂપે જ ચાલે છે. એમ પણ કહેવાય છે કે શાહજહાંની પત્નીઓમાંથી એક અકબરાબાદી બેગમે આ બજારનું નિર્માણ કરાવ્યું હતું જે ફૈજ બજાર તરીકે ઓળખાતું હતું. દરિયાગંજનો અર્થ જોઈએ તો દરિયા એટલે કે નદી અને ગંજ એટલે કે જગ્યા તો દરિયાગંજ એટલે કે નદીને પેલે પાર ભરાતું બજાર.

આ બજાર સુભાષ પાર્ક અને કસ્તુરબા ગાંધી હૉસ્પિટલની વચ્ચે દીવાલને અડીને સામાન વેચવાથી શરૂ થયું. શરૂઆતમાં આ બજાર તમામ પ્રકારની વસ્તુઓ જેમકે રેડિયો ટ્રાન્ઝીસ્ટર, મેડિકલનો સામાન અને ચોપડીઓ સસ્તા ભાવે વેચવાથી થઈ હતી. પછી તો ચોપડીઓનાં વેચનારાઓએ ડિલાઇટ સિનેમાથી લઈ સુભાષ પાર્કના હેંગિંગ બ્રિજ સુધી પોતાનું બજાર લગાવવાનું શરૂ કર્યું અને પછી તો આ માત્ર ચોપડીનું જ બજાર બની ગયું. પણ ૨૦૧૭ પછી બહુ ભીડભાડ થવાથી આ બજારનું કદ નાનું કરી દેવામાં આવ્યું અને તે ડિલાઇટ સિનેમાથી લઈ ગોલચા સિનેમા સુધી સીમિત કરી દેવાયું. આ બજારમાં હાલ અંદાજે ૨૫૦ જેટલા પુસ્તક વેચનારાઓ છે.

દિલ્હી હાઈકોર્ટના એક આદેશમાં સુભાષ માર્ગ આસફઅલી રોડમાં આ બજાર ભરાતું હતું તેને નોન હોકિંગ જાહેર કરી દેવાયું. જોકે દરિયાગંજ સન્ડે બુક બજારને ઉત્તરી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક સ્વાભાવિક બજાર તરીકે રજિસ્ટર કરવામાં આવેલું છે અને સ્ટ્રીટ વેન્ડર્સ આજીવિકા સંરક્ષણ અને સ્ટ્રીટ વેન્ડિંગ વિનિમય કાયદા ૨૦૧૪ મુજબ આ એક પ્રાકૃતિક બજાર છે. પ્રાકૃતિક બજારનો અર્થ એમ થાય છે કે જયાં વેપારીઓ અને ગ્રાહકો સ્વયંભૂ રીતે જ ભેગા થઈ જતા હોય તેવું બજાર.

જોકે દરિયાગંજ સન્ડે બુક બજારને સત્તાવાર રીતે પણ મંજૂરી અપાઈ છે અને આ બજારનો દાખલો દિલ્હી હાઈકોર્ટને ભલામણોમાં અપાયો છે. પણ ૨૦૧૮માં આ બજારને સંપૂર્ણપણે ડિલાઇટથી ગોલચાની વચ્ચેથી હટાવી દેવાયું અને કહેવાયું કે ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈ જગ્યામાં તમે બજાર ભરી શકો છો. ત્યારબાદ કોર્પોરેશનનાં સહયોગથી આ બજાર ભરવા માટે ઘણી જગ્યાઓ જોવામાં આવી પણ વેચનારાઓને પસંદ નહોતી પડતી. તેમની માગણી એવી હતી કે જયાં પહેલા બજાર ભરાતું હતું એની આસપાસની જ કોઈ જગ્યા હોય. પછી બધાને ગમ્યું મહિલા હાટ જેનું નિર્માણ

'સેવા'ના સહયોગથી ૨૦૦૯માં કોંગ્રેસના મંત્રી કપિલ સિબ્બલે કરાવ્યું હતું. અહીંનું ભાડું વધારે હોવાને કારણે હાટ ચાલી શક્યું નહોતું. સેવાએ મ્યુનિસિપલ કોર્પોરેશનના કલેક્ટર વિધિતા રેડ્ડીને ભલામણ કરી અને ૨૦૧૮માં દરિયાગંજ બુક બજાર અહીંયા મહિલા હાટમાં શિફ્ટ થઈ ગયું.

હવે આ પુસ્તક બજાર મહિલા હાટની જગ્યા પર ખૂબ સરસ રીતે ચાલવા લાગ્યું હતું તેવામાં જ લૉકડાઉન આવતાં આ બજાર ફરીથી બંધ થઈ ગયું હતું. હવે ઑગસ્ટ ૨૦૨૦માં દિલ્હી સરકારે કેટલાક સાપ્તાહિક બજારોને મંજૂરી આપી તેમાં પુસ્તક બજારને પણ મંજૂરી મળી અને મહિલા હાટમાં પુસ્તક બજાર ફરીથી ધમધમ્યું. આમ તો આ બજારનો સમય સવારના ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો પણ લૉકડાઉન દરમિયાન આનો સમય સાંજે ૪ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધીનો કરી દેવાયો. એક ભય એવો હતો કે પુસ્તક બજારમાં મોટાભાગે વિદ્યાર્થીઓ, સાહિત્યકારો અને પુસ્તકપ્રેમીઓ આવતા હોય છે પણ મેટ્રો બંધ હોવાને કારણે તેઓ કેવી રીતે આવશે? પરંતુ ગયા સપ્તાહે આ બજારમાં સારી ઘરાકી રહી. દિલ્હી સરકારનો આદેશ હતો કે બજારમાં માત્ર ૯૦ વેચનારાઓ જ બેસી શકશે એટલે માત્ર ૬૩ વેચનારાઓએ જ પોતાની દુકાન લગાવી અને આ કામમાં સેવા દિલ્હી યુનિયનની ટીમની મહત્ત્વની ભાગીદારી રહી. સેવા દિલ્હી તરફથી તમામ પુસ્તક વેપારીઓને એક સેનિટાઇઝરની બોટલ, ૧-૧ માસ્ક આપવામાં આવ્યા અને સાથે જ તમામ દુકાનો બહાર સેવાએ દોરી પણ બાંધી આપી જેથી સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે ૩થી ૫ ફૂટનું અંતર જળવાય. સાથે જ નિશાન પણ બનાવ્યા જેથી દુકાનદારો વચ્ચે પણ ૬ ફૂટનું અંતર જળવાય. આથી જ આ બજાર અંગેના સમાચારો અખબારોમાં પણ ચમક્યા. સાંજના સમયે ઘણા પુસ્તકપ્રેમીઓ આવ્યા અને દરેક વેચનારાને ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા સુધીનો વકરો થયો.

પુસ્તક બજારની કમિટીના પ્રમુખ કમર શાહીદ છે. તેઓ કહે છે કે તેઓ જ્યારે ૧૬ વર્ષના હતા ત્યારથી ત્યાં વેચવાનું કામ કરે છે અને હાલ તેઓ ૬૫ વર્ષના છે. રવિવારી પુસ્તક બજારમાં તેમની આત્મા વસે છે અને એટલે જ તેઓ દિવસ-રાત જોયા વિના આ બજારને સુવ્યવસ્થિત રીતે ચલાવવાના પ્રયત્નોમાં લાગેલા રહે છે. તેઓ કહે છે કે, ૨૦૦૫માં સુભાષ પાર્કથી પુસ્તક બજારને હટાવી દેવામાં આવ્યું હતું અને ત્યારે ક્યાંકથી તેમને સેવા અંગે માહિતી મળી અને પછી તેમનો સંબંધ સેવા સાથે ગાઢ થતો ગયો. પછી તો સેવાના ઘનિષ્ઠ પ્રયાસોથી રવિવારી પુસ્તક બજાર ફરી પાછું એ જ જગ્યાએ શરૂ થયું જ્યાંથી તેને હટાવવામાં આવ્યું હતું. ત્યારથી બજારનો વિશ્વાસ સેવામાં અટલ બની ગયો અને સેવા અને બજારની સમિતિ ભેગા મળીને પુસ્તક બજારનું સંચાલન કરે છે. ૨૦૧૧માં બજારની સમિતિની ચૂંટણી થઈ હતી જેમાં મજબૂત સમિતિ વિજયી થઈને આવી હતી. ત્યારથી જ ઘણા વિઘ્નો છતાં સમિતિ હંમેશા વેચનારાઓના કેસ માટે લડતી રહી છે પછી તે વેચનારા બહેનો હોય કે, ભાઈઓ. બહેનોની લીડરશીપમાં સેવા હંમેશા ભાઈઓ વેચનારાઓને પણ મદદરૂપ થાય છે.

**- લતા**
**ઉપપ્રમુખ**
**સેવા દિલ્હી યુનિયન**

❑

## મારી આપવીતી

## સેવા ઉત્તર પ્રદેશ,

# 'મારા રસોડેથી અનાજ આપ્યું... ઉઝમાબહેન'

ઉઝમાબહેન ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના ચિકનકારી કામનાં માસ્ટર ટ્રેઇનર છે અને સેવાના આગેવાન છે. તેઓ સેવા સાથે છેલ્લાં પાંચ વર્ષથી જોડાયેલા છે. ચિકનકારી ભરતકામ કરનારા કારીગરો ઉપરાંત તેઓ ઘરેલુ કામદારો માટે પણ કામ કરે છે.

'અમને લૉકડાઉન વિશે અમારા જિલ્લાના કોર્ડિનેટર બહેન પાસેથી જાણવા મળ્યું. શરૂઆતમાં અમને કંઈ ખાસ ચિંતા ન હતી કારણકે અમને થયું કે આ તો ફક્ત બે-ચાર દિવસ માટે જ છે.' પછી તો લૉકડાઉનમાં અઠવાડિયું વીતી ગયું અને મને બીજી સભ્ય બહેનોને ઝૂમ અને કાઇઝાલા જેવા સોશિયલ મીડિયાના પ્લેટફોર્મની તાલીમ અંગે જણાવવાનું સોંપવામાં આવ્યું. ત્યારબાદ અઠવાડિક મિટિંગ થવા લાગી. 'અમે તો એક જ અઠવાડિયામાં ડિજિટલ એપ્સ ડાઉનલોડ કરતાં અને તેમનો ઉપયોગ કરતાં શીખી ગયાં.'

લૉકડાઉનને કારણે ઊભી થયેલી સમસ્યાઓ અંગે તેઓ જણાવે છે કે, 'લૉકડાઉનના કારણે ઘરેલુ કામદારો કે જે આપણા સભ્યો છે તેમને ખૂબ જ કઠિન પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે, ખાસ કરીને આર્થિક પ્રશ્નોનો, કારણકે તેઓ જ્યાં કામ કરતા હતા તે બધાએ તેમને કામ કરવા આવવાની ના પાડી દીધી. ચિકનકારી ભરત કરનારી બહેનો પાસે પણ ફક્ત એક જ અઠવાડિયાનું કામ હાથમાં હતું. જ્યારે તે પૂરું થઈ ગયું પછી કોઈ જ નવા ઓર્ડર્સ આવ્યા નહીં. વળી પહેલાંના કરેલા કામનાં પણ પૈસા તેમને ચૂકવવામાં આવ્યા ન હતા.'

ઉઝમાબહેને જે રાહતકાર્ય કર્યાં તે અંગે તેઓ જણાવે છે કે, 'આપણા ઘણા સભ્યો પાસે પૈસા કે ખાવાનું નહોતું. મેં ઘરેલુ કામદારોના ૨૨૦૦ કુટુંબોને નગરપાલિકા દ્વારા ચાલતા સામુહિક રસોડાઓ સાથે જોડી તેમને બે ટંક ભોજનની વ્યવસ્થા ગોઠવી. કેટલાંક કુટુંબોને રાશન ખાસ કરીને અનાજની મદદ કરી. ૮૦૦ જેટલા ઘરેલુ કામદારોને અને તેમના કુટુંબીજનોને અન્ન સુરક્ષા યોજના સાથે જોડ્યા અને ઘણાના રાશનકાર્ડના પ્રશ્નોનું નિરાકરણ લાવી તેમને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તેની તકેદારી લીધી.' જ્યારે ઉઝમાબહેન પાસે વહેંચવા

માટેનું અનાજ પૂરું થઈ ગયું ત્યારે તેમની પાસે સમાબાનુ નામનાં કામદારબહેન આવ્યા. તેમની વાત કરતા તેઓ કહે છે કે, સમાબાનુના બાળકો એ ત્રણ દિવસ થી કશું ખાધું ન હતું. એમની કફોડી પરિસ્થિતિ જોઈને મારી આંખમાં આંસુ આવી ગયાં. મેં એમને મારા રસોડામાંથી ખાવાનું અને અનાજ આપ્યાં.'

વળી લૉકડાઉનના જ સમયગાળામાં રોઝા હોવાથી પરિસ્થિતિ વધુ કપરી થઈ ગઈ હતી. ' આ વખતે બહુ ઝાંખી ઈદ હતી.' સ્થળાંતરીય કામદારો વિશે વાત કરતાં ઉઝમાબહેન જણાવે છે કે, ' મેં ઘણા સ્થળાંતરીય કામદાર ભાઈબહેનોને મદદ કરી. ખાસ તો લખનૌના હાઇવે ઉપર પગપાળા ચાલીને ઘર તરફ જઈ રહેલા કામદારોને ફૂડ પેકેટ વહેંચ્યા. ઉઝમાબહેને કેટલાંક તકેદારીના પગલાં પણ લીધા. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની માર્ગદર્શિકા અનુસરીને સેવાએ ઘરેલુ કામદારોને ૧૦૦૦૦ માસ્ક બનાવવાનો ઓર્ડર આપ્યો હતો, જેનું લોકોમાં વિતરણ કરવામાં આવ્યું તે આખું કામ ઉઝમાબહેને પાર પાડ્યું. 'આ ઉપરાંત જુદાં-જુદાં સોશિયલ મીડિયાના માધ્યમથી ઓડિયો અને વીડિયો મેસેજ દ્વારા કોવિડ-૧૯ વિશે ઘરેલુ કામદારોમાં જાગૃતિ ફેલાવવાનું કામ મેં કર્યું. એ બધા મને પોતાની મુંઝવણો અંગે વારંવાર પ્રશ્નો પૂછતાં, અને હું તેમને બધા જવાબો આપતી. પ્રશ્નોના જવાબો મળવાથી મનમાં ઊભો થયેલો ભય દૂર થાય છે....'

## વી શેલ ઓવરકમ...
## અમે પાર કરીશું...

અમેરીકાના કેરોલીના નામના રાજયમાં ચાર્લસ્ટન આસપાસના ગામોમાં તમાકુના કારખાનાઓમાં મજૂરોની એક જબરજસ્ત હડતાળ પડી હતી. વર્ષ ૧૯૪૫-૪૬. હડતાળ લાંબી ચાલેલી. એક કલાકના ૩૦ સેન્ટના મજૂરીભાવમાં વધારો કરવાની માલિકો પાસે માંગ હતી. બેઉ પક્ષે રંગભેદ રગરગમાં વહેતો હતો. ત્યારે મજૂરો પીકેટીંગ દરમ્યાન જે એક કૂચગીત ગાતા હતા, તે હતું 'વી શેલ ઓવરકમ', 'હમ હોંગે કામયાબ', 'અમે પાર કરીશું'! આ ગીત આપણાથી અજાણ્યું નથી. વર્ષોથી 'સેવા'ની દરેક મિટિંગના અંતે આ ગાતા આવ્યા છીએ!

લુસીલ સિમન્સ નામની એક હડતાળી બેનનું આ માનીતું ગીત હતું. તેનું ગાવાનું જ એટલું પાવરફૂલ હતું કે હડતાળિયાઓના સંઘબળનું પણ રોજેરોજ જોર વધતું ગયું હતું. સિમેન્સે તો ગાયેલું, પણ ગીત બનાવેલું તો દક્ષિણ કેરોલીનાના એક અંતરિયાળ ગામની એક કામદારબહેને! ૧૯૪૭માં સિમેન્સબેને તેની નજીકની સ્કૂલ નામે હાઈલેન્ડર ફોક સ્કૂલમાં આ ગીત ગાયું. આસપાસના કારખાનાના મજૂરસંઘોમાં પણ આ ગીત ઝટ ઊપડ્યું. સ્કૂલના એક સમારંભમાં મહેમાન તરીકે આમંત્રિત કરેલા સુવિખ્યાત ગાયક પીટ સીગરને સંભળાવ્યું. સીગર પણ આ ગીત પર જાણે 'વેચાઈ' ગયો! પછી તો તેણે દેશમાં ઠેરઠેર આ ગાયું. ખાસ તો મજૂર લડતોમાં 'વી શેલ ઓવરકમ' સૌના મોઢે ચઢી ગયું. હડતાળોમાં આ હોંશે હોંશે ગવાયું. આ મજૂરગીત સાદું, સીધું, સરળ, સ્વસ્થ, સાત્વિક, શક્તિશાળી તોય નમ્ર, એવું છે. બેઠી હડતાળ હોય કે લેબરમાર્ચ કે સરઘસ કે રેલી, બધા પ્રસંગે, બધાય દેશોમાં આજે ગવાય છે. ગાયક સીગરે તેના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'આ ગીતની સિમ્પ્લીસીટી અદ્ભુત છે!'

'સેવા'ના તમાકુ કામદાર આગેવાનબહેન, આણંદ જિલ્લાના મહેલાવ ગામનાં શાન્તાબેન પોલ કહે છે, 'અમારું ગીત છે. જેમ જેમ ગાતાં જઈએ ને મ્હાંય હિંમત આવતી જાય. 'અમે પાર કરીશું'. તમાકુની ખળીઓના માલિકો સામે ભાવવધારાની માંગ ખળી-કામદારબેનોએ કરેલી ત્યારની આ વાત છે.

'વી શેલ ઓવરકમ'ની ઉત્ક્રાંતિ જાણીએ. એક આફ્રિકન અમેરિકન તમાકુ કામદારબેનની આ મૂળ રચના છે. તેણે રચેલું અને ગાયેલું (ચર્ચના ગીતો જેવો ઢાળ) તે 'આઈ વીલ ઓવરકમ', લુસિલ સિમન્સે તમાકુ કામદારે ટેનેસીમાં ચાર્લ્સ ટાઉનવાળી હડતાળમાં પહેલી વાર સાંભળ્યું ત્યારે તેણે ગીતમાં એક ફેરફાર કર્યો : 'વી વીલ ઓવરકમ'. અહીં 'આઈ'માંથી 'વી' થયું. વળી, આગળ જતાં બીજા એક કામદારે ફેરફાર કર્યોઃ 'વી શેલ ઓવરકમ'. અહીં 'વીલ'માંથી 'શેલ' કર્યું - જે આજે આપણે સૌ ગાઈએ છીએ. 'વી' અને 'શેલ' બેઉ શબ્દો ગીતમાં નમ્ર ગૌરવની ભાવના રેડે છે, એવું મને લાગે છે.

તારીખ ૨, સપ્ટેમ્બર ૧૯૫૭ને દિવસે ડૉ. માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ટેનેસીમાં પેલી જૂની હાઈલેન્ડર સ્કૂલમાં પધારેલા. ત્યારે, આફ્રિકન અમેરિકનો ઉપર ભેદભાવ અને અન્યાયી રંગભેદના નવા કાયદા લાગુ કરાઈ રહ્યા હતા. તેનો વિરોધ કરવા આ સ્કૂલમાં મોટી સભા ભરાઈ હતી. સભાના મુખ્ય મહેમાન ડૉ. કિંગે સ્કૂલની ૨૫મી જન્મજયંતિ નિમિત્તે સ્કૂલનું સન્માન કર્યું. કાર્યક્રમ દરમ્યાન જ ઓડિયન્સમાં બેઠેલા પેલા પ્રખ્યાત ગાયક પીટ સીગર એકાએક તેમનો બેન્જો લઈને ઊભા થઈ ગયા અને ભરસભામાં 'વી શેલ ઓવરકમ' ગાવા લાગ્યા, જે ગીતનો પ્રથમ પરિચય સીગરને આ જ હાઈલેન્ડર શાળામાં વર્ષો પહેલાં, તમાકુ કામદાર સિમેન્સબહેને જ કરાવેલો! ડૉ. કિંગ પાછા જતાં તેમની ગાડીમાં બેઠાબેઠા આ જ ગીત ગણગણતા રહ્યા હતા. 'આ ગીતમાં કંઈક એવું છે!' સીગરે પત્રકારને કહ્યું.

વખત જતાં તો અમેરિકાની સિવિલ રાઈટ્સ મુવમેન્ટોમાં આ એક પોતાનું રાષ્ટ્રગીત જેવું બની ગયું! ૧૯૫૦થી ૧૯૬૦ના ગાળામાં, અમેરિકા તથા યુરોપનાં ટ્રેડ યુનિયનોની દરેક વિરોધ સભા, દરેક પરિષદોમાં આ લેબર સોંગ તરીકે ઠોસ પ્રસરી ગયું. પ્રેસિડેન્ટ લીન્ડન જહોન્સન અગત્યના કરાર સહી કર્યા બાદ, અચૂક 'વી શેલ ઓવરકમ'થી કરારને વધાવતા.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-9-2020

## અમે પાર કરીશું

અમે પાર કરીશું (૩)
એક દિન,
ઓ... ઊંડા અંતરમાં અમને છે વિશ્વાસ
અમે પાર કરીશું... એક દિન...

ખભે ખભો મિલાવીને આગે આગે ચાલીશું
આગે ચાલીશું... એક દિન...
ઓ... ઊંડા અંતરમાં અમને છે વિશ્વાસ
અમે પાર કરીશું.... એક દિન...

મુસીબતોના પહાડની, અમને પરવાહ નથી
વિરોધના વંટોળની અમને પરવાહ નથી
અમને પરવાહ નથી...
ઓ... ઊંડા અંતરમાં અમને છે વિશ્વાસ
અમે પાર કરીશું.... એક દિન...

અમને કોઈનો ડર નથી, અમને કોઈનો ડર નથી
અમને કોઈનો ડર નથી...
ઓ.... ઊંડા અંતરમાં અમને છે વિશ્વાસ
અમે પાર કરીશું.... એક દિન...

## હવે મારી વાત!

મજૂર ચળવળનાં કારણે ૧૯૬૦-૭૦ના વર્ષોમાં ઇન્ટરનેશનલ યુનિયનોની સભા, નાની કમિટીઓમાં મજૂર મહાજન સંઘ વતી મારે જવાનું શરૂ થયું હતું. જીનિવા, બ્રસેલ્સ, લંડન અને ટોક્યો તેમના મુખ્ય ધામ. તે વર્ષોમાં, મજૂર મહાજનનું આંતરરાષ્ટ્રીયક્ષેત્રે મહત્ત્વનું યોગદાન રહેતું. ખાસ તો તેમનું સંખ્યાબળ અને મજૂર પ્રશ્નો પ્રત્યે ગાંધીયન એપ્રોચને કારણે હશે, એવું હું સમજું છું. તે વર્ષોમાં આંતરરાષ્ટ્રીય સભાઓમાં 'વી શેલ ઓવરકમ' દરેક સભાને અંતે, ખાસ તો યુરોપના દેશોમાં, સાંભળતી અને ગાતી થઈ. ગીત તો મારા ગળામાં વસી ગયું.

એક વાર, ૧૯૭૭ના અરસામાં, દેવધોલેરા, બાવળાથી એસ.ટી. બસમાં સાંજે અમદાવાદ પાછા ફરતાં 'હું વી શેલ ઓવરકમ' ગણગણતી બેઠી હતી, ત્યારે મેં તેનું ગુજરાતી ભાષાંતર પણ કરી દીધું : 'અમે પાર કરીશું'. બીજે દિવસે, એને મેં 'સેવા'માં ગાઈ સંભળાવ્યું. એમ કરતાં, સૌને મોઢે ચડી ગયું. આજે સેવાની કોઈ મિટિંગ આને ગાયા વિના સમાપ્ત થતી હશે?!

ઈ.

(૨જી સપ્ટેમ્બર, ૨૦૨૦)

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-9-2020

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001